# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયમાં પેટ્રોલ-ડિઝલના વેટમાં ઘટાડો કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત...

કોવિદ-૧૯ ની મહામારી અને આનુસંગીક લાગુ કરાયેલ લોકડાઉનના કારણે વેપાર-ઉદ્યોગકારો તથા પ્રજાજનો આર્થીક સંકણામણ અનુભવી રહયા છે. આવી વિપરીત પરિસ્થિતિનો સામનો કરી તેમાંથી ઉજાગર થવા લોકો ઝઝુમી રહયા છે. ત્યારે દેશમાં હવે પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાનો આકરો ડામ મળ્યો છે. જે ખુબ જ અન્યાય કર્તા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે બજારમાં ક્રુડનો ભાવ ઘટયો હોવા છતા પેટ્રોલ-ડિઝલમાં દિન-પ્રતિદીન ભાવ વધી રહેલ છે. તથા ડિઝલમાં ભાવ વધારાના કારણે હાલ ઔદ્યોગીક એકમોને કાચામાલના ઉત્પાદનમાં ભાવ વધારો તથા ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘુ બની ગયેલ છે. જેથી ઔદ્યોગીક એકમો માટે નુકશાનકર્તા સાબિત થયું છે.

કેન્દ્ર સરકાર દ્વારા ડિઝલ ઉપર ૩0% વેટ લાગુ કરાયેલ હતો. તેમાં દિલ્હીની રાજય સરકારે તાજેતરમાં તેમાં ૧૩.૨૫ જેટલો વેટમાં ઘટાડો કરીને સરાહનીય પગલું ભરેલ છે. અને ડિઝલના ભાવમાં પ્રતિ લીટર રૂા.૮.૩૬ જેટલો નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

ગુજરાત રાજયમાં પણ પેટ્રોલ-ડિઝલ પરના વેટ ખુબ જ વધુ છે. જેથી દિલ્હી રાજય સરકારના લેવાયેલ નિર્ણયને અનુસરી ગુજરાત રાજયમાં પણ પેટ્રોલ-ડિઝલના વેટમાં ઘટાડો કરવામાં આવે તો પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો થઈ શકે અને વૈશ્વિક મંદી તથા લોકડાઉનનો સામનો કરી રહેલ ઔદ્યોગીક એકમો તથા આમ પ્રજાજનોને ખુબ જ રાહત મળશે તેવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરવામાં આવેલ છે.